| | | | |
|---|---|---|---|
| ફાઇલ તારીખ | ૧૭/૦૩/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | ૧૭/૦૩/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૦ | ૧૦ |

---

**મહેરબાન ભરૂચના પાંચમાં એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભરૂચ**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૨૧૩/૨૦૨૬**

**આંક : – ૦૬**

**અરજદાર :–** **મુબત્સીર હનીફ હસન ગઠ,**
રહે. મોટુ ફળીયું, રોજા ટંકારીયા,
તા. આમોદ, જિ. ભરૂચ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :–** **ધ સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી એસ. એ. શેખ
સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રી જે. જે. પરમાર

---

**–:: ચુકાદો ::–**

(૧) આ કામનાં અરજદાર/આરોપી વાગરા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૦૫૬૨૬૦૦૬૦/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ–૧૦૯(૧), ૧૧૮(૧), ૧૧૮(૨), ૩(૫), ૩૫૧(૩), ૩૫૨, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુનાના કામે અરજદાર/આરોપી તરફે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા હાલની જામીન અરજી કરેલ છે.

(૨) અરજદાર તરફે વિ. વકીલશ્રી તથા સામાવાળા તરફે વિ. એ.પી.પી.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.. અરજદાર/આરોપી તરફે **આંક-૦૩** થી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ તથા ત.ક.અધિકારીશ્રીએ **આંક-૦૫** થી રજુ કરેલ એફીડેવીટ ધ્યાને લીધુ.

(૩) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રીની મુખ્યત્વે તેમની જામીન અરજી મુજબની રજુઆત છે અને વિ. વકીલશ્રીની દલીલ છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે,એફ.આઇ.આર.માં જણાવ્યા મુજબનો કોઇ ગુનો કરેલ નથી અને ખોટી રીતે ગુનામાં સાંકળેલ છે. વધુમાં દલીલ છે કે, સમગ્ર એફ.આઇ.આર.ની હકીકતો જોતા, હાલનાં અરજદાર/આરોપી મુબત્સીર ગઠનાઓએ પોતાનું ટેન્કર સાઇડ ઉપર રાખેલ છે, આ સીવાય હાલનાં આરોપી સામે કોઇ પ્રકારનો આક્ષેપ નથી. આમ, આરોપીએ કોઇ પ્રિ-પ્લાન કરેલ નથી કે, હાલનાં આરોપીને કોઇ નોલેજ કે ઇન્ટેનશન હોય તેવી પણ કોઇ હકીકત ફરીયાદમાં જણાવેલ નથી. વધુમાં દલીલ છે કે, એફ.આઇ.આર.માં જણાવ્યા મુજબની કલમો જોવામાં આવે તો, તે કલમોનાં કોઇ જ તત્વો મુજબનો આક્ષેપ હાલનાં આરોપી સામે નથી. હાલનાં આરોપી બ્રેજા ગાડીનાં માલીક નથી. વધુમાં દલીલ છે કે, આરોપી સ્થાનીક રહીશ છે, નાસીભાગી જાય તેમ નથી અને કુટુંબ કબીલા સાથે રહેતા આવેલા છે તેમજ આરોપીનો કોઇ ગુનાહિત ઇતિહાસ નથી, જેથી આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં આરોપી તરફે તેમની દલીલનાં સમર્થનમાં **(1)** Motiram V/s State of M.P., (1978) 4 SCC 47, **(2)** State of Rajasthan V/s Balchand @ Baliay, 1977 AIR 2447, **(3)** Nikesh Tarachand Shah V/s Union of India & Anr. 2017 IN SC 1137, **(4)** Sanjay Chandra V/s Central Bureau of Investigation, 2012(1) SC 40 ના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની આઇ.ઓ.નાં **આંક–૦૫** નાં સોગંદનામાને અનુરૂપ મહત્વની દલીલ કરી રજુઆત કરેલ છે કે, હાલનાં અરજદાર/આરોપી મુબત્સીર અગાઉનાં દિવસે ફરીયાદીનાં સુપરવાઇઝર સાથે ગાળાગાળી કરેલ હોય, જેથી બનાવનાં દિવસે ફરીયાદીએ અરજદાર/આરોપી પોતાનું પાણીનું ટેન્કર લઇ આવતા હોય તે વખતે મુલેર ગામનાં જુના બસ સ્ટેન્ડ પાસે રોકી સુપરવાઇઝર સાથે ગાળાગાળી કરેલ હોય જે બાબતે પુછપરછ કરતા હોય તે દરમ્યાન અરજદાર/આરોપીએ પોતાનાં પિતા સહ–આરોપી હનીફ હશન ગઠને ફોન કરી ફરીયાદીએ પોતાને માર મારવા માટે રોકેલાનું જણાવી બોલાવતા સહ–આરોપી સુફીયાન જાકીર મો.સા. લઇને આવેલા અને સહ–આરોપી હનીફ હસન ગઠ પોતાની બ્રેઝા કાર લઇ આવી પોતાની કાર નં. જીજે–૧૬–બીએન–૮૬૯૨ ની પુરઝડપે હંકારી ફરીયાદીને જાનથી મારી નાંખવાના ઇરાદાથી અથાડી ફરીયાદીનાં જમણા પગે ઘુંટણથી નીચે તથા જમણા હાથે કાંડાનાં ભાગે ફ્રેકચર કરી મહાવ્યથા પ્રકારની ગંભીર ઇજા પહોંચાડી તથા ચહેરા તથા માથાનાં ભાગે લોહી કાઢી ઇજા પહોંચાડી તેમજ હાલનાં અરજદાર/આરોપી તથા સુફીયાનનાએ ફરીયાદી તથા સાહેદ સરફરાજને ગમેતેમ માં–બેન સમાણી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી નાસી જઇ ગુનો કર્યાનો આક્ષેપ છે. વધુમાં રજુઆત છે કે, હાલનાં અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો ફરીયાદી તથા સાહેદોને ધાકધમકી અને પ્રલોભન આપે તેવી શકયતાઓ રહેલી છે અને સદર ગુનો ગંભીર પ્રકારનો છે અને હાલમાં તપાસ ચાલુ છે, જો અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો, તપાસને ક્ષતી પહોંચે તેવી પાકી શકયતા રહેલ છે તેમજ આરોપીઓ ઝઘડાળુ અને ઝનુની સ્વભાવના છે, જેથી ફરીથી આવા પ્રકારના ગંભીર ગુના કરી તેવી શકયતા રહેલી છે. વધુમાં રજુઆત છે કે, આ કામનાં અરજદાર/આરોપીના પિતા સહ–આરોપી હનીફ હસન ગઠનાઓને ધંધાકીય હરીફાઇ હોય જેના લીધે આરોપીઓએ ગંભીર પ્રકારનો ગુનો આચરેલ હોય, જેથી જામીન

મુકત ન કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, હાલનાં અરજદાર/આરોપીનાં પિતા સહ–આરોપી હનીફ હસન ગઠનાએ અગાઉ સને–૨૦૦૯ માં હાલનાં ફરીયાદીનાં પિતા સાથે ધંધાકીય બાબતે બોલાચાલી કરી ઝઘડાઓ કરેલ જે બાબતે અગાઉ ગુનો નોંધાયેલ છે. આમ, સહ–આરોપી હનીફ ગઠ અને ફરીયાદી કુટુંબ સાથે જુની અદાવત ચાલી આવે છે તેમજ સહ–આરોપી હનીફ ગઠનાઓ વિરૂધ્ધ બીજો પણ એક ગુનો વાગરા પો.સ્ટે.માં ઈ.પી.કો. કલમ–૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુનો નોંધાયેલ છે, જેથી સહ–આરોપી આવા પ્રકારના ગુનાઓ કરવાની ટેવવાળા અને રીઢો ગુનેગાર હોય અને હાલના અરજદાર/આરોપી તેમનાં પુત્ર થાય છે તેમજ હાલનાં અરજદાર/આરોપી તેમના વિરૂધ્ધ ગુનો દાખલ થતા તરત જ ઘર છોડી નાસી ગયેલ અને પોલીસ તપાસમાં સહકાર આપેલ નથી, જેથી અરજદાર/આરોપીની હાલની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) ઉપરોકત બન્ને પક્ષકારોની રજુઆતો, ત.ક.અધિકારીશ્રીનુ એફીડેવીટ, ફરીયાદીનું એફીડેવીટ તથા એફ.આઈ.આર. તેમજ પોલીસ પેપર્સ ધ્યાને લેતા, બનાવવાળી જગ્યા ઉપર ફરીયાદી મકસુદ પટેલ ઉભેલા હતા અને તે સમયે હાલનાં આરોપી મુબત્સીર હનીફ ગઠનાઓ પાણીનું ટેન્કર લઈ આવતા હોય અને અગાઉ પાણીના ટેન્કર ભરવા બાબતે આ હાલનાં આરોપીએ ફરીયાદીના સુપરવાઈઝર સરફરાજ ટેલરને ગાળો આપેલ હોય જે બાબતે હાલનાં આરોપી મુબત્સીરને પુછતા અને ફરીયાદીએ તેમનાં સુપરવાઈઝર સરફરાજને ફોન કરી સ્થળ ઉપર બોલાવેલ તે સમયે આ હાલનાં આરોપી મુબત્સીરે પોતાનું ટેન્કર સાઈડ ઉપર કરી તેનાં પિતા સહ–આરોપી હનીફ હશન ગઠને ફોન કરેલ અને તે વખતે હાલનાં આરોપી મુબત્સીરનાં પિતરાઈ એટલે કે સહ–આરોપી સુફીયાન ઝાકીર ગઠ તેની મો.સા. લઈને આવી ગયેલ અને આ બનાવ સ્થળે ત્રણેય જણા અંદરોઅંદર વાતો કરતા હતા તે વખતે સહ–આરોપી હનીફ હશન ગઠ તેમની બ્રેજા ગાડી પુરઝડપે હંકારી લાવી ફરીયાદી

સાથે અથાડી અકસ્માત કરી ઈજા પહોંચાડેલ અને ત્યારબાદ સદર સહ–આરોપી હનીફ હશન ગઠનાઓએ તેમની આ બ્રેજા ગાડી રીવર્સ લઈ જાનથી મારી નાંખવાના ઈરાદાથી પુરઝડપે હંકારે ફરીયાદીને ટકકર મારી અથાડી ફરીથી અકસ્માત કરેલ અને ત્યારબાદ હાલનાં અરજદાર/આરોપી મુબત્સીર હનીફ ગઠ, સહ–આરોપી હનીફ હશન ગઠ તથા સહ–આરોપી સુફીયાન ઝાકીર ગઠનાઓએ ફરીયાદીને ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી તેમની ફોરવ્હીલ ગાડી તેમજ સહ–આરોપી સુફીયાન તેમની મો.સા. લઈ નાસી ગયેલ તેવી હકીકતો જણાય આવે છે. વધુમાં પોલીસે સદર બનાવ નજરે જોનાર સાહેદોનાં નિવેદન પણ લીધેલ છે, આ હકીકત જોતા હાલનાં અરજદાર/આરોપી તથા અન્ય સહ–આરોપીઓએ ભેગા મળી પૂર્વયોજીત ગુનાહિત કાવતરુ રચી મદદગારીમાં હાલનો ગુનો આચરેલાની હકીકત હોય આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે અને ગંભીર પ્રકારનાં ગુનામાં સંડોવાયેલ છે, ત્યારે આવા કેસમાં આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી.

(૬) અરજદાર/આરોપીનાં તરફે તેમની દલીલનાં સમર્થનમાં જામીન અરજીમાં નામ. ઉપલી અદાલતોનાં ચુકાદાઓ જણાવી આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. પરંતુ તે હકીકત સ્પષ્ટ છે કે, જામીન અરજીનાં તબકકે દરેક કેસની હકીકતો તથા સંજોગોના આધારે નિર્ણય કરવાનો રહે છે. હાલનાં કેસમાં આરોપી સામે ગંભીર પ્રકારનાં ગુનાનો આક્ષેપ છે તેમજ પોલીસ એફીડેવીટની હકીકતો ધ્યાને લેતા, ફરીયાદપક્ષ તથા આરોપીનાં પરીવાર વચ્ચે આ અગાઉ પણ ગુનાહિત ફરીયાદો થયેલ છે અને જુની અદાવત ચાલી આવેલ છે અને જેથી પૂર્વઆયોજીત કાવતરાનાં ભાગરૂપે આરોપીઓએ મળી ફરીયાદી ઉપર જીવલેણ હુમલો કરેલો છે, ત્યારે આ હકીકતો ધ્યાને લેતા, આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો, ફરીયાદી તથા સાહેદોને ધાકધમકી આપી ફોડવાનો પ્રયત્ન કરે તેવી શકયતા રહેલી છે અને હાલ ગુનાની તપાસ ચાલુ છે, તે હકીકતો ધ્યાને લેતા,

આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી, જેથી આરોપી તરફે રજુ થયેલ ચુકાદાઓ હાલનાં કેસમાં આરોપીને મદદરૂપ થાય તેમ નથી.

(૭) આમ, ઉપરોકત સમગ્ર ચર્ચા કરી તે મુજબ આરોપી સામેનાં આક્ષેપીત ગુનાની ગંભીરતા, પ્રાઇમાફેસી કેસ હોય તેમજ હાલ ગુનાની તપાસ ચાલુ હોય, આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું ન હોય, હાલની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરતો છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## :: હુકમ ::

(૧) અરજદાર/આરોપી **મુબત્સીર હનીફ હસન ગઠ,** રહે. મોટુ ફળીયું, રોજા ટંકારીયા, તા. આમોદ, જિ. ભરૂચ નાઓની વાગરા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૦૫૬૨૬૦૦૬૦/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ– ૧૦૯(૧), ૧૧૮(૧), ૧૧૮(૨), ૩(૫), ૩૫૧(૩), ૩૫૨, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની હાલની જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) આ હુકમની જાણ સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

(૩) આ હુકમની એક નકલ સંબંધીત જેલમાં આરોપીને આપવા માટે મોકલવી અને સુપ્રિન્ટેન્ડન્ટ/જેલરશ્રીએ આરોપીને નકલ આપ્યાનો અત્રેની કોર્ટને રીપોર્ટ કરવો.

આ હુકમ આજ **તા. ૨૭ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૭/૦૩/૨૦૨૬
સ્થળ : ભરૂચ

**(પિંકલ એમ. સોની)**
પાંચમા એડીશનલ સેસન્સ જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૭૪૭)**

SUC